ગાંધીનગર સમાચાર

૬.૯ની તીવ્રતાના પ્રચંડ આંચકાથી ફરીથી ભારતના રાજ્યો હચમચ્યા

ભારતમાં મૃતાંક વધીને ૫૭ : આગામી ૪૮ કલાક દરમિયાન હજુ આંચકાની આગાહીથી લોકોમાં દહેશત

નવીદિલ્હી,તા. ૨૬

નેપાળની સાથે સાથે આજે સતત બીજા દિવસે પણ દિલ્હી અને એનસીઆરમાં પ્રચંડ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. લોકોમાં દહેશત અકબંધ રહી હતી. ગઈકાલની જેમ જ આજે પણ તમામ રાજ્યો ભૂકંપથી હચમચી ઉઠ્યા હતા. આજે પણ બિહાર, ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં ભૂકંપની અસર થઈ હતી. ભૂકંપની તીવ્રતા આજે પણ ૬.૯ જેટલી આંકવામાં આવી હતી જેના કારણે લોકો ઘરની બહાર દોડી ગયા હતા. બપોરે પોણા એક વાગ્યાની આસપાસ આ આંચકો આવ્યો હતો. લોકો ઘરની બહાર દોડ્યા હતા. નવેસરથી આજે આંચકાના કારણે બિહારમાં દિવાલ ધસી પડવાના બનાવ બન્યા હતા. બીજી બાજુ નેપાળમાં વિનાશકારી ભૂકંપની પ્રચંડ અસર હેઠળ ભારતના મોટા ભાગના રાજ્યો પણ ગઈકાલે હચમચી ઉઠ્યા હતા.ભારતના જુદા જુદા રાજ્યોમાં આવેલા શક્તિશાળી ભૂંકપથી આજે મોતનો આંકડો વધીને ૬૬ ઉપર પહોંચી ગયો હતો. બિહારના અસરગ્રસ્ત રાજ્યોમાં પણ બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. નેપાળમાં આવેલા પ્રચંડ ભૂંકપથી ભારતમા પણ જાનમાળનુ ભારે નુકસાન થયુ ંછે. મોતનો આંકડો વધીને ૫૭ ઉપર પહોંચી ગયો છે. સૌથી માઠી અસર બિહારમાં થઈ છે. બિહારમાં મોતનો આંકડો પણ સૌથી વધારે નોંધાયો છે. બિહારના જુદા જુદા ભાગોમાં મોતનો આંકડો ૩૪ ઉપર પહોંચી ગયો છે. પૂર્વીય ચંપારણ અને સીતામઢી જિલ્લામાં ભારે નુકસાન થયુ છે. દરભંગા, સારણ, સુપૌલ, અરરિયા, પશ્ચિમ ચંપારણ, મધુબાની અને શિવહરમાં સૌથી માઠી અસર થઈ છે. આગામી ૪૮ કલાકમાં હજુ વધારે આંચકા આવી શકે છે તેવી ચેતવણી હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવી છે. આ અંગે રાજ્ય સરકારને એલર્ટ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં પણ લોકોના મોતનો આંકડો સતત વધ્યો છ. બંગાળમાં પણ મોતના અહેવાલ મળ્યા છે. ગઈકાલે નેપાળમાં ૭.૮ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપ બાદ તેની માઠી અસર ભારતમાં પણ જોવા મળી હતી. ભારતના મોટાભાગના રાજ્યો પણ ભૂકંપથી હચમચી ઉઠ્યા હતા. જો કે, નેપાળની સરહદ સાથે જોડાયેલા બિહાર અને અન્ય રાજ્યોમાં સૌથી માઠી અસર થઈ હતી. નેપાળમાં ભૂકંપ બાદ સમગ્ર ઉત્તર ભારત અને ઉત્તરપૂર્વ ભારતમાં તેની માઠી અસર થઈ હતી અને તમામ રાજ્યોમાં ખળભળાટ મચી ગયો હતો. નેપાળમાં આંચકો આવ્યા બાદ તરત જ તેની સીધી અસર ભારતીય રાજ્યો ઉપર થઈ હતી. દિલ્હી-એનસીઆર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, બિહાર, પશ્ચિમ બંગાળ અને સિક્કમ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં પ્રચંડ આંચકો અનુભવાયો હતો. દેશના જુદા જુદા રાજ્યોમાં પણ ઈમારતો ધરાશાયી થવાની, મકાનોમાં તિરાડ પડવાની અને લોકો ઘાયલ થવાના અહેવાલ આવ્યા છે. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ તરત સક્રિય થયેલા છે. ભારતના મણિપુર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશમાં પણ તેની અસર થઈ હતી. ઉત્તર અને ઉત્તરપૂર્વીય ભારતમાં સૌથી માઠી અસર જોવા મળી હતી. ભારતમા દરેક જગ્યાએ તીવ્રતા જુદી જુદી અનુભવાઈ હતી. દિલ્હીમાં તીવ્રતા પાંચની નોંધાઈ હતી જ્યારે બિહાર અને પશ્ચિમ બંગાળમાં તીવ્રતા વધારે નોંધાઈ હતી. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી.ગઈકાલે મિનિટો સુધી ધરા ધ્રુજી હતી.બિહાર સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળી અને દુરસંચાર સેવા પુન સ્થાપિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જો કે તેમાં સમય લાગી શકે છે.

કાટમાળને ખસેડવામાં પણ ઘણા દિવસો લાગશે

નેપાળને ફરી બેઠુ થવામાં ઘણો સમય લાગી શકે છે

કાઠમંડુ,તા. ૨૬

નેપાળમાં વિનાશકારી ભૂકંપ બાદ હજુ પણ નેપાળમાં સહાયતાનો દોર જારી રહ્યો છે. ભારત સહિત વિશ્વના દેશો મદદ માટે આગળ આવ્યા છે.

નેપાળને ભૂકંપ બાદ ફરીથી ઉભુ થવા માટે ઘણો સમય લાગી શકે છે. કારણ કે અર્થતંત્રને ભારે નુકસાનની સાથે સાથે તમામ સ્થળોને પણ ભારે નુકસાન થયું છે. ખાસ કરીને પ્રવાસને ભારે નુકસાન થઈ શકે છે. ધાર્મિક સ્થળો અને ઐતિહાસિક સ્થળોને ખુબ જ નુકસાન થયું છે. આવનાર દિવસોમાં નેપાળને ફરીથી સક્રિય થવા માટે ખુબ મહેનત કરવી પડશે. બીજી બાજુ કાટમાળને દૂર કરવામાં પણ ખુબ સમય લાગી શકે છે. ભારત સહિત વિશ્વના દેશો બચાવ કામગીરીમાં આગળ આવ્યા છે. કાટમાળને ખસેડવાની પ્રક્રિયા ચાલી રહી છે પરંતુ ખુબ વધારે પ્રમાણમાં નુકસાન થયું હોવાથી આવનાર દિવસોમાં વહેલી તકે નેપાળને સક્રિય થવામાં સફળતા નહીં મળે તેમ માનવામાં આવે છે. નેપાળમાં થયેલા નુકસાનની ગણતરી કરવામાં આવી રહી છે.

૮.૫થી વધુ તીવ્રતાના ભૂકંપ

કાઠમંડુ, તા. ૨૬

વર્ષ ૧૯૦૦ બાદથી વિશ્વમાં આવેલા ૮.૫થી વધુની તીવ્રતા વાળા આંચકાને ગણવામાં આવે તો આનો ઈતિહાસ નીચે મુજબ છે.

- ૨૨મી મે ૧૯૬૦ના દિવસે ૯.૫ પાંચની તીવ્રતાનો ભૂકંપ દક્ષિણી ચીલીમાં આવ્યો હતો જેથી સુનામી આવતા ૧૭૧૬ લોકોના મોત થયા હતા
- ૧૮મી માર્ચ ૧૯૬૪ના દિવસે પ્રિન્સ વિલિયમ અલાસ્કામાં ૯.૨ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો જેમાં સુનામીથી ૧૨૮ સહિત ૧૩૧ના મોત થયા
- ૨૬મી ડિસેમ્બર ૨૦૦૪ : ૯.૧ની તીવ્રતાનો આંચકો ઈન્ડોનેશિયામાં સુમાત્રા ખાતે આવ્યો હતો જેથી સુનામીમાં ૨૩૦૦૦૦ લોકોના મોત થઈ ગયા હતા
- ૧૧મી માર્ચ ૨૦૧૧ : જાપાનમાં નવની તીવ્રતાનો આંચકો આવ્યો હતો જેમાં સુનામી આવતા ૧૮૦૦૦ના મોત થયા
- ૪થી નવેમ્બર ૧૯૫૨ : રશિયામાં ૯ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો જે દરમિયાન હવાઈમાં ત્રીસ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા હતા.
- ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૦ના દિવસે ચિલીમાં ૮.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં સુનામીના લીધે ૫૨૪ના મોત થયા
- ૩૧મી જાન્યુઆરી ૧૯૦૬ : ઈક્વિડોરમાં ૮.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં સુનામીથી ૫૦૦ના મોત થયા
- ૪થી ફેબ્રુઆરી ૧૯૬૫ : અલાસ્કામાં ૮.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં ૩૫ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા હતા
- ૨૮મી માર્ચ ૨૦૦૫ના દિવસે ૮.૬ની તીવ્રતાનો આંચકો સુમાત્રામાં આવ્યો હતો જેથી ૧૩૦૦ના મોત થયા હતા
- ૧૫મી ઓગસ્ટ ૧૯૫૦ : તિબેટમાં ૮.૬ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો જેમાં ૭૮૦ના મોત થયા હતા
- ૯મી માર્ચ ૧૯૫૭ના દિવસે અલાસ્કામાં ૮.૬નો ભૂકંપ આવ્યો હતો જેથી ૫૨ફૂટ ઉંચા સુનામીના મોજા ઉઠળ્યા હતા
- ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૭ : સુમાત્રા નજીક ૮.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં ૨૫ના મોત થયા હતા

મોદી સરકાર દ્વારા છ-છ લાખની સહાયતા અપાશે

નવીદિલ્હી, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે પણ હવે ગઈકાલે ભારતના વિવિધ રાજ્યોમાં પ્રચંડ ભૂકંપ બાદ માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીઓને છ-છ લાખ રૂપિયાના વળતરની આજે જાહેરાત કરવામાં આવી હતી. ગઈકાલે પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો હતો. વડાપ્રધાનની કચેરી દ્વારા ટ્વિટર મારફતે આ અંગેની જાહેરાત કરી દીધી છે.

પીએમઓનું કહેવું છે કે, ભારતમાં માર્યા ગયેલા તમામ લોકોના સગાસંબંધીઓને વળતર આપવામાં આવશે. મોદીએ ગઈકાલે અને આજે સતત બે દિવસ ઉચ્ચ સ્તરીય બેઠક કરી હતી અને નેપાળમાં પ્રચંડ ભૂકંપ બાદ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. નેપાળમાં મોટાપાયે મદદ કરવા અને ભારતમાં પણ અસરગ્રસ્ત રાજ્યોમાં બચાવ કામગીરી મોટાપાયે ચાલી રહી છે.

હિમાલય ક્ષેત્રમાં સતત ધરતીકંપ આવતા રહેશે : નિષ્ણાતોનો મત

નવીદિલ્હી,તા. ૨૬

નેપાળમાં ૭.૮ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપ બાદ તેની અસર હેઠળ આંચકાઓનો દોર જારી રહ્યો છે. હજુ આંચકાઓ જારી રહે તેવી હવામાન વિભાગે વાત કરી છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, નબળી થઇ ગયેલી ઇમારતો અને આ પ્રકારની સ્થિતિમાં સાવધાન રહેવાની વધારે જરૂર છે. આંચકાઓની તીવ્રતા ચોક્કસપણે ઘટી શકે છે પરંતુ હજુ કેટલાક દિવસ સુધી આંચકાઓ જારી રહી શકે છે. હિમાલય ક્ષેત્રમાં તો ભૂંકપના આંચકા આવતા જ રહે તેવી શક્યતા છે. કારણ કે ઇન્ડિયન પ્લેટ યુરેશિયન પ્લેટથી ટકરાવીને સતત ભારતીય ઉપમહાદ્વીપના ઉત્તરપૂર્વની દિશામાં સરકી રહી છે. જેથી જમીનમાં દબાણની સ્થિતી સર્જાઇ રહી છે. વાડિયા ઇન્સ્ટીટ્યુટ ઓફ હિમાલિયન જિયોલોજીના ભૂંકપ વિભાગના વડા સુસીલ કુમારે કહ્યું છે કે પ્લેટ સતત ગતિશીલ હોવાના કારણે અને દબાણ વધી જવાથી હાલમાં ભૂંકપના આંચકા આવતા રહે તેવી ચેતવણી છે.દબાણ બનવાથી ભૂંકપ આવે છે. કુમારે કહ્યું હતુ ંકે નેપાળમાં આવેલા ભૂંકપને એ રીતે સમજી શકાય છે કે જે રીતે અમે કોઇ સ્ટીક પર બન્ને તરફથી દબાણ લાવવામાં આવે તો તેના પર ફ્રેક્ચર વધતા જાય છે. ત્યારબાદ એક સમય એવો પણ આવે છે જ્યારે સ્ટીક તુટી જાય છે.

નાના ભૂંકપના આંચકા મોટા વિનાશકારી આંચકાની શક્યતા ઓછી કરે છે તેમ માનવા માટે કોઇ કારણ નથી. સુશીલ કુમારે દાખલો આપીને કહ્યું કે ચીનના વાઇચિંગ ક્ષેત્રમાં ૧૯૭૫ બાદથી સતત નાના આંચકા બાદ વિનાશકારી આંચકો આવ્યો હતો.જાપાનમાં હવે ભૂંકપ વિરોધી ટેકનીકનો ઉપયોગ વધારે થયો રહ્યો છે. જાપાનમાં ભૂંકપ આવ્યા બાદ પણ ઇમારતો પડી જતી નથી બલ્કે કોઇ એકતરફ ઝૂંકી જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે, ઉત્તર ભારતમાં પણ એકસમાન તીવ્રતાનો આંચકો આવી શકે છે. આટલી જ તીવ્રતાનો ભૂકંપ ક્યારે આવશે તે અંગે વાત કરવી મુશ્કેલ છે પરંતુ આજે અથવા તો ૫૦ વર્ષ બાદ પણ આવી શકે છે. કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ અને ઉત્તર કાશી મુખ્ય ઝોન તરીકે છે.

માઉન્ટ એવરેસ્ટ બેઝ કેમ્પમાં ૨૨ પર્વતારોહીના કરૂણ મોત

કાઠમંડુ,તા. ૨૬

માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ નજીક ઓછામાં ઓછા ૨૨ પર્વતારોહીના મોત થઇ ગયા છે. અહીં ઘણા વિદેશીઓ સહિત સેંકડોની સંખ્યામાં પર્વતારોહી પહોચેલા હતા. નેપાળમાં વિનાશકારી ભૂકંપ બાદ અહીં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા હતા. ૬૦થી વધુ પર્વતારોહી ઘાયલ થયા છે. બેઝ કેમ્પ ખાતે મોટી સંખ્યામાં ગાઇડ અને હાઇકર્સ લાપતા હોવાનું પણ જાણવા મળ્યું છે. બેઝકેમ્પ ખાતે ૧૭ના મોત પ્રથમ દિવસે થયા હતા અને આજે બીજા પાંચ લોકોના મોત થયા હતા. બીજા ૨૨ ગંભીરરીતે ઘાયલ થયેલાઓને હેલિકોપ્ટર દ્વારા ખસેડી લેવામાં આવી ચુક્યા છે. ઇન્ડિયન એરફોર્સ દ્વારા આ લોકોને ખસેડવામાં આવી ચુક્યા છે. રોમાનિયન ક્લાઇમ્બર્સ એલેક્ષનું કહેવું છે કે, તમામ ગંભીરરીતે ઘાયલ થયેલા લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. માઉન્ટ એવરેસ્ટના કેમ્પ એક અને બે પર ૧૦૦ પર્વતારોહી હતા. નેપાળ અને ભારતમાં ભૂકંપથી ભારે નુકસાન થયું છે.

૫૦થી વધુ ભૂકંપના આંચકાઓથી દહેશત અકબંધ

નેપાળ : ધુળ, કાટમાળ, મોત

કાઠમંડુ, તા.૨૬

નેપાળમાં ૭.૮ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપ બાદ નેપાળમાં ચારેબાજુ ધુળ, કાટમાળ અને મોતનો નજારો જોવા મળે છે. જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. આંચકાઓના દોર વચ્ચે નેપાળમાં બચાવ કામગીરી આજે હજુ પણ તકલીફ આવી રહી છે. મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે.

- નેપાળને હચમચાવી મુકનાર ૭.૮ની તીવ્રતા સાથેના શનિવારના ભૂંકપમાં મોતનો આંકડો રોકેટગતિએ હજુ પણ સતત વધી રહ્યો છે
- સતત બીજા દિવસે જારી રહેલા આંચકાઓના દોર વચ્ચે મોતનો આંકડો વધીને ૨૦૦૦થી ઉપર પહોંચી ગયો હતો, હજારો લોકો ઘાયલ
- અનેક કાટમાળમાં ફેરવાઇ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી
- કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો હોઇ શકે છે
- પાટનગર કાઠમંડુ સહિત તમામ ભૂંકપગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ઝડપથી ચાલી રહી છે.
- ભૂંકપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપશ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ
- નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂંકપ બાદ હજુ સુધી૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૫૦ આંચકા આવી ચુક્યા છે
- આંચકાઓ સતત જારી રહેતા લોકોની હાલત કફોડી બનેલી છે
- લોકોને રાત્રી જાગીને ગાળવાની ફરજ પડી
- નેપાળમાં ગઇકાલે વિનાશકારી ભૂંકપ બાદ કલાકોના ગાળામાં જ નેપાળના મોટા ભાગના ઐતિહાસિક સ્થળો કાટમાળમાં ફેરવાઇ ગયા હત
- નેપાળમાં બારપક લારપક વિસ્તારમાં આશરે એક હજાર મકાનમાંથી ૯૦ ટકા મકાન કાટમાળમાં ફેરવાઇ ગયા છે
- સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવ્યા બાદ ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં ખસેડવમાં આવ્યા
- છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશક ભૂંકપ રહ્યો
- નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી.જેને હવે સામાન્ય બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે
- આજે સતત બીજા દિવસે ચારેબાજુ દહેશત દેખાઈ હતી
- નેપાળમાં ભારત તરફથી ઓપરેશન મૈત્રી હાથ ધરાયુ
- નેપાળમાં જરૂરી ચીજવસ્તુઓ સાથે જંગી સહાય મોકલી દેવાઇ
- નેપાળમાંથી મોટી સંખ્યામાં ભારતીય લોકોને પરત ભારત લવાયા

સરેરાશ પગાર વધારો ૧૦.૭ ટકા રહી શકે

મુંબઈ, તા. ૨૬

ભારતીય ઈન્ડસ્ટ્રીમાં ચાલુ નાણાંકીય વર્ષમાં કર્મચારીઓના સરેરાશ પગારમાં ૧૦.૭ ટકા સુધીનો વધારો કરવામાં આવી શકે છે. હાલમાં જ કરવામાંઆવેલા એક નવાઅભ્યાસમાં આ અંગેનો દાવો કરવામાં આવ્યો છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, જુનિયર મેનેજમેન્ટ સ્તર પર રહેલા કર્મચારીઓના પગારમાં આ વધારો ૧૦.૭ ટકા રહી શકે છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં છેલ્લા વર્ષની સરખામણીમાં સરેરાશ પગાર વધારો વધુ રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ગ્લોબલ કન્સલટન્સી કંપની ડિલોઈટીના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે, ફાર્મા સેક્ટરમાં સૌથી વધારે પગાર વધારો રહેશે. તેમાં સરેરાશ ૧૨.૧ ટકાનો વધારો જોવા મળી શકે છે. જ્યારે રિટેલ સેક્ટરમાં સૌથી ઓછો ૯.૪ ટકા રહેવાનો સંકેત દેખાઈ રહ્યા છે. ૨૦૧૬માં મોટાભાગના સેક્ટરમાં સરેરાશ વધારો ૧૦.૭ ટકા રહેશે જે વર્ષ ૨૦૧૫ની સરખામણીમાં૦.૪ ટકા વધારે હોઈ શકે છે. ઈન્ડસ્ટ્રીમાં જુનિયર મેનેજમેન્ટ સ્તર ઉપર વધારો ઉપયોગી રહેશે. સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે ૨૫૦ સંસ્થાઓને આવરી લેવામાં આવી હતી. બેંકિંગ, ફાયનાન્સિયલ સર્વિસ, ઈન્સ્યોરન્સ જેવા સેક્ટરોમાં સ્થિતિ વધારે મજબૂત રહી છે.

બદ્રીનાથના દ્વાર પણ વહેલી સવારે ખુલ્યા : લોકો ઉત્સુક

દેહરાદૂન, તા. ૨૬

ઉત્તરાખંડમાં બદ્રીનાથના દ્વાર આજે વહેલી પરોઢે ધાર્મિક માહોલ અને વિશેષ પુજા અર્ચના વચ્ચે ખુલી ગયા હતા. વહેલી સવારે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મંદિરના દ્વાર અથવા તો કપાટને આજે સવારે સવારે ૫.૧૫ વાગે ખોલી દેવામાં આવ્યા હતા. આના માટે કળશ યાત્રા શુક્વારના દિવસે જોશીમઢમાં નૃસિંગ મંદિરથી શરૂ થઈ હતી. મંદિરમાં પુજા અને અન્ય ધાર્મિક વિધિઓ પહેલાથી જ

કરવામાં આવી હતી. મંદિરના મુખ્ય પુજારીએ શાંતિપૂર્ણ અને સુરક્ષિત યાત્રા માટે પહેલાથી જ પુજા કરી હતી. મંદિરના મુખ્ય પુજારી રાવલ ઈશ્વરન નંદુદરી દ્વારા પુજા કરવામાં આવી હતી. દર વર્ષે ચાર ધામની યાત્રાના ભાગરુપે હજારો શ્રદ્ધાળુઓ પહોંચે છે. છ મહિના સુધી આ યાત્રા બંધ રહ્યા બાદ ગંગોત્રી, યમનોત્રી અને કેદારનાથના દ્વાર પહેલાથી જ ખુલી ચુક્યા છે. આજે બદ્રીનાથના દ્વાર ખુલી ગયા હતા. આની સાથે જ ચારધામની યાત્રા પરંપરાગતરીતે શરૂ થશે. ૨૦૧૩માં ઉત્તરાખંડમાં વિનાશકારી પુર અને વાદળો ફાટવાની ઘટનાથી હજારો લોકોના મોત થયા હતા. હરીશ રાવતના નેતૃત્વમાં કોંગ્રેસ સરકાર ચારધામની યાત્રાને સફળ બનાવવા પ્રયાસ કરી રહી છે. કેદારનાથના દ્વાર આજે શ્રદ્ધાળુઓ ૨૪મીએ ખુલી ગયા હતા. ગંગોત્રી અને યમનોત્રીના દ્વાર મંગળવારના દિવસે ખુલી ગયા હતા જ્યારે બદ્રીનાથ મંદિરનાદ્વાર આજે સવારે ખોલી દેવામાં આવ્યા હતા. બદ્રીનાથની આસપાસના વિસ્તારોમાં હજુ પણ ખુબ જ જટિલ રસ્તાઓ છે. રસ્તાઓને વ્યવસ્થિત કરવાની કામગીરી ચાલી રહી છે. બદ્રીનાથની આસપાસ મોટી સંખ્યામાં બરફ જામેલી છે તેને દૂર કરવાની કામગીરી પણ ચાલી રહી છે. બરફને દૂર કરી તથા પહાડોને કાપીને નવો રસ્તો બનાવવામાં આવી રહ્યો છે.

પડોશી દેશને સંભવિત તમામ મદદ પુરી પડાઈ

નેપાળ ભૂકંપ : ભારત દ્વારા ઓપરેશન મૈત્રી હાથ ધરાયું

નવીદિલ્હી,તા. ૨૬

નેપાળમાં વિનાશકારી ભૂકંપ બાદ ભારત તરફથી નેપાળમાં ઓપરેશન મૈત્રી અથવા તો ફ્રેન્ડશીપના નામે મોટાપાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. પડોશી દેશની પુરતી મદદ કરવામાં આવી રહી છે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ખાસ ટીમો મોકલવામાં આવી છે. ઉપરાંત મોટાપાયે રાહત સામગ્રી પણ પહોંચાડવામાં આવી ચુકી છે. એરફોર્સના વિમાન દ્વારા નેપાળમાં જીવન જરૂરી પુરવઠો પહોંચાડવામાં આવી ચુક્યો છે. સાથે સાથે નેપાળમાં ફસાયેલા ૬૦૦થી વધુ ભારતીયોને લાવવામાં આવી ચુક્યા છે. હજુ નેપાળમાં હજારો ભારતીયો છે જેથી તેમને પણ લાવવામાં આવનાર છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા સીતાંશુ કારે કહ્યું છે કે, મોટાપાયે બચાવ અને રાહત કામગીરી નેપાળમાં ચાલી રહી છે. કાઠમંડુ માટે ૧૦ ફ્લાઈટો તૈયાર રાખવામાં આવી છે. ભૂંકપગ્રસ્ત નેપાળમાંથી ભારતીય પ્રવાસીઓ અને લોકોને ખસેડવાની કામગીરી પણ ભારતીય હવાઇ દળે યુદ્ધના ધોરણે હાથ ધરી હતી. ઈન્ડિયન એરફોર્સ દ્વારા કેટલાક નવજાત શિશુ સહત નેપાળમાંથી ૮૦૦થી વધુ લોકોને ખસેડી લીધા છે અન્ય લોકોને ખસેડી લેવાની કામગીરી ચાલી રહી છે. વિમાનો લોકોને લાવવા માટે વધારે ઉડાણ ભરી રહ્યા છે. નેપાળના પાટનગર કાઠમાન્ડુથી લોકોને લઈને પ્રથમ વિમાન દિલ્હી પહોંચ્યુ હતુ. સી-૧૩૦ જે સુપર હરક્યુલસ વિમાન દ્વારા મોટી સંખ્યામાં લોકો ભારત પહોંચ્યા હતા. ત્યારબાદ સી-૧૭ ગ્લોબ માસ્ટર વિમાનમાં ૧૦૧ યાત્રી આવી પહોંચ્યા હતા. આજે સવારે ૧૫૨ યાત્રીઓને લઈને આઈએલ-૭૬ વિમાન દિલ્હી પહોંચ્યુ હતુ. ત્યારબાદ વહેલી પરોઢે અન્ય સી-૧૭ ગ્લોબ માસ્ટર વિમાન ૨૪૭ ભારતીય લોકોને લઈને પહોંચ્યું હતુ. બીજી બાજુ ભારતીય સંરક્ષણ દળોએ નેપાળમાં બચાવ અને રાહત કામગીરીમાં સામેલ થવાનો નિર્ણય કર્યા બાદ ભારતીય ટુકડીઓ નેપાળમાં કામમાં લાગેલી છે. તપાસ, બચાવ અને માનવતાવાદી સહાય કરવામાં આવી રહી છે.નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ ટીમો, મેડિકલ ટીમો, સાધનો અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડી દેવામાં આવી છે. નેપાળને પુરતી મદદ કરવામાં આવી રહી છે. નેપાળમાં ૪૬૦ એનડીઆરએફના જવાનો પણ મોકલવામાં આવ્યા છે.

અતીતથી આજ (પાના નં. ૪ નું ચાલુ)

વર્તમાન સમયગાળામાં સુભાષચંદ્ર બોઝ વિરુદ્ધ મહાત્મા ગાંધી, સુભાષ વિરુદ્ધ સરદાર પટેલ, સુભાષ વિરુદ્ધ નેહરુના ઘટનાક્રમનાં બધાં તથ્યો જાણવા કે નાણવાની નવરાશ કે ઉત્સુકતા પ્રજાને હોય નહીં એ સ્વાભાવિક છે. એટલે જ કૉંગ્રેસના અધ્યક્ષ રહેલા સરદાર પટેલને અનુકુળતાએ ખભે ઊંચકવા, હિંદુરાષ્ટ્રના વિરોધી ડૉ.આંબેડકરને અનુકૂળતાએ રાષ્ટ્રનાયક જાહેર કરવાની કવાયત આદરવી, ડાબેરી એવા ક્રાંતિકારી સુભાષને અનુકુળતાએ પોતીકા ગણાવવાનો ઉપક્રમ ચાલ્યા કરે છે. આ બધી ઈતિહાસની ઘટનાઓને ઉલેચવાનો ઉપક્રમ અંતે તો વૉટનો મોલ લણવાની કવાયત માત્ર જ છે.

નેહરુને ખલનાયક ગણાવવાની કોશિશો છતાં ખરો ગોળીબાર તો સરદાર પટેલ અને ગાંધીજી ભણી થઈ રહ્યો છે. આટલી સામાન્ય બાબત પ્રજા સમજી લે તો સમગ્ર રાજકીય વ્યૂહના ભુક્કા બોલી જાય સુભાષે ગાંધીજી અને સરદાર પટેલને 'અંગ્રેજોની સાથે મળીને ષડ્યંત્ર રચનાર' ગણાવ્યા, ત્યારે વ્યથિત સરદાર પટેલે લખવું પડ્યું હતું કે 'આવો હીન આક્ષેપ તો અમારી ઉપર અમારા શત્રુઓએ પણ ક્યારેય કર્યો નથી, જે કૉંગ્રેસ અધ્યક્ષ (સુભાષ) કરી રહ્યા છે.'

ભારતીય રાજકીય મંચ પર કોઈપણ ભોગે સત્તાને પામવાની કવાયત ચાલી રહી છે ત્યારે એમાં જે કાંઈ, જ્યારે અનુકૂળ લાગે ત્યારે અને તેવા સ્વરૂપે ખેલી લેવાનાં જોખમોનો ભાગ્યે જ વિચાર કરવામાં આવે છે. સરદાર પટેલને રાષ્ટ્રનાયક ગણાવીને ચૂંટણીસભાઓ ગજવવાના ખેલ પછી રાજ્યે-રાજ્યે જે પ્રાંતીય નાયકો તરીકે નામાંકિત છે કે પછી સમગ્ર દેશ અને દુનિયામાં જેમના નામે ગાજવીજ કરી શકાય, વિદેશવાસી ભારતીયોને રાજી કરી શકાય, એનું ચલણ ચાલી રહ્યું છે. પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણી પૂર્વે સુભાષચંદ્ર બોઝને થયેલા અન્યાયની વાતો ગજવાશે અને ઉત્તર પ્રદેશની ચૂંટણી આવી રહી છે ત્યારે લાલ બહાદુર શાસ્ત્રીનું નામ આગળ કરીને લાભ ખાટવાની કોશિશો થશે. પોતાની વાતને સાચી દેખાડી શકાય, એવી કવાયતો ભારતીય રાજકીય મંચ પરના ચૂંટણીલક્ષી નાટકીય ખેલમાં સામેલ કરાઈ રહી છે. સુભાષચંદ્ર બોઝના પ્રવેશ પછી બીજા એવા રાષ્ટ્રનાયકો પ્રવેશ કરશે. આ બધા તબક્કે પ્રજાને સાચી વાત જણાવાય છે કે ગુમરાહ કરીને મતનો ફાલ લણી લેવાની અપેક્ષા રહે છે. એનાં નીરક્ષીર કમ સે કમ બુદ્ધિજીવી વર્ગે તો કરવાં પડશે. જો કે ભારતની પ્રજા સાવ મૂરખ નથી. ઈન્દિરા ગાંધીની કાળી ઈમર્જન્સી પછીની ચૂંટણીમાં ભણેલા-ગણેલા વર્ગને બદલે અભણ અને ગ્રામીણ પ્રજાએ લોકશાહીનાં હીર દર્શાવીને કૉંગ્રેસને ઘરભેગી કરી હતી. એ જ પ્રજાએ અઢી વર્ષના જનતા પાર્ટીના વિવાદી શાસન પછી ઈન્દિરા ગાંધીને પાછાં સત્તામાં સ્થાપિત કર્યાં હતાં.

આજે સુભાષચંદ્ર બોઝના પરિવારની બે દાયકા લગી નેહરુએ જાસૂસી કરાવ્યાની વાતે ઉહાપોહ મચાવાઈ રહ્યો છે ત્યારે સુભાષનાં પત્ની અને દીકરીની ખેવના નહીં કરનાર સુભાષના મોટાભાઈ સરતચંદ્રને બદલે નેહરુ અને સરદાર પટેલે તેમને બેઉને વિદેશમાં આર્થિક મદદ પહોંચાડવા અને તેમના ક્ષેમકુશળની ખેવના કરવાની જવાબદારી નિભાવી હતી, એ સરદાર-નેહરુના પત્રોમાં આજેય પ્રગટે છે. મહત્વનાં રાજકીય પરિવારોની જાસૂસી કહો તો જાસૂસી અને કાળજી કહો તો કાળજી માટે તેમની હિલચાલ વિશે ગુપ્તચર પોલીસ માહિતી એકઠી કરતી રહે છે. દેશના સર્વપ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલથી લઈને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધીનાએ આવાં કામ કર્યાં હોવાનું નકારી શકાય તેમ નથી. રાજીવ ગાંધીના વંશજોની હિલચાલ